પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, રાજકોટ શહેર
સ્પેશ્યલ શાખા, ફોન નં.૦૨૮૧-૨૪૪૧૦૭૬
E mail ID: spl-cp-raj@gujarat.gov.in

**♣♣♣♣ ડ્રોન અંગેનુ જાહેરનામુ♣♣♣♣**

**ફોજદારી કાર્યવાહી અધિનીયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નંબર-૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

ક્રમાંક: એસ.બી./જાહેરનામું/ ૫૯૯૨ /૨૦૨૧

તા.૨૦/૦૯/૨૦૨૧

રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ વાઇટલ ઈન્સ્ટોલેશન, એરપોર્ટ, વી.વી.આઈ.પી રહેઠાણ તેમજ કચેરીઓ અગત્યની સરકારી કચેરીઓ વગેરે જગ્યાની સુરક્ષા કરવાની જવાબદારી શહેર પોલીસની છે. રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરીયલ મિસાઇલ, હેલીકોપ્ટર કે પેરાગ્લાઇડર જેવા સંસાધનોથી દેશ- વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને રાજકોટ શહેરની સુરક્ષાને હાની પહોચાડવાની શકયતા નકારી શકાય નહી, આ પ્રકારના સંસાધનો આ પ્રકારના સંસાધનોથી શહેરમાં આંતક ફેલાવી, સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શકયતા રહેલી છે. જેથી પોતાના અંગત વ્યવસાય માટે ડ્રોન કેમેરા રાખતા હોય તેઓ ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું મનોજ અગ્રવાલ, આઇ.પી.એસ. પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ના નં-૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રાજકોટ શહેર માં ફરજ બજાવતા સંયુકત પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.હેડ.કોન્સ. નો હોદો ધરાવનાર અધિકારીશ્રીઓને આ જાહેરનામા નો ભંગ કરનાર વિરૂધ્ધ આઇ.પી.સી. કલમ - ૧૮૮ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરવામાં આવે છે. નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છુ.

**♣♣♣♣પ્રતિબંધીત કૃત્યો♣♣♣♣**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન કે રીમોટ કંટ્રોલ સંચાલિત એરીયલ મિસાઇલ, હેલીકોપ્ટર કે પેરાગ્લાઇડર, રીમોટ કંટ્રોલ માઇક્રોલાઇટ એરક્રાફટ ચલાવનાર સંચાલકે કે જેઓ પોતાના અંગત વ્યવસાય માટે રાખતા હોય છે તેઓએ આ ડ્રોન કેમેરાની સંપુર્ણ માહિતી જેવી કે મોડલ નંબર, વજન, ક્ષમતાની વિગતો સાથે નજીકના પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવાની રહેશે અને તેનો ઉપયોગ કરતાં પહેલા જે વિસ્તારમાં ઉપયોગ કરવાનો છે તે વિસ્તારના પોલીસ સ્ટેશનના થાણા ઇન્ચાર્જશ્રીની પૂર્વમંજૂરી લેવાની રહેશે.

**♣♣♣♣અમલવારીના પીરીયડ અને વિસ્તાર♣♣♣♣**

તા.૦૧/૧૦/૨૦૨૧ ના કલાક ૦૦/૦૦ થી તા.૩૧/૧૦/૨૦૨૧ ના કલાક ૨૪/૦૦ સુધી

**♣♣♣♣પ્રતિબંધીત વિસ્તાર♣♣♣♣**

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**♣♣♣♣અપવાદ♣♣♣♣**

સુરક્ષા એજન્સીના રીમોટ કંટ્રોલ માઇક્રોલાઇટ એરક્રાફટને આ જાહેરનામાથી મુક્તિ આપવામાં આવે છે.

**♣♣♣♣શિક્ષા♣♣♣♣**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી.

આજ તારીખઃ-૨૦/૦૯/૨૦૨૧ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

૧૯/૯/૨૧

(મનોજ અગ્રવાલ)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ

નકલ સવિનય રવાનાઃ-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગર
(૩) પોલીસ મહાનિર્દેશકશ્રી, (ઈન્ટે.) ગુ.રા.,ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર.

નકલ રવાનાઃ

(૧) ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, રાજકોટ રેન્જ, રાજકોટ.
(૨) કલેકટરશ્રી, રાજકોટ શહેર
(૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૪) પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ રૂરલ, રાજકોટ
(૫) સયુંકત પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૬) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧, ઝોન-૨ રાજકોટ શહેર.
(૭) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ઉત્તર/દક્ષિણ/પુર્વ/ પશ્ચિમ/ક્રાઇમ બ્રાંચ/એસ.સી.એસ.ટી.સેલ/પો.હે.કવા./ટ્રાફીક શાખા રાજકોટ
(૮) જીલ્લા સરકારી વકિલશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.
(૯) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, રાજકોટ. (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૦) નિયામકશ્રી, માહીતી ખાતું ડો.જીવરાજ મહેતા ભવન જુના સચિવાલય બ્લોક નં.૭, બીજા માળે,ગુ.રા., ગાંધીનગર.
(૧૧) આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ ઇન્ટે.(ઈન્ટે.), રાજકોટ રીજીયન, રાજકોટ.
(૧૨) નાયબ પોલીસ અધિક્ષકશ્રી,/ પો.ઈન્સ.શ્રી, રાજકોટ રેલ્વે જંકશન પો.સ્ટે.
(૧૩) તમામ પો.સ્ટે.ઈન્ચાર્જશ્રીઓ,રાજકોટ શહેર(પાંચ નકલમાં.. નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૧૪) તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર.
(૧૫) કન્ટ્રોલ ઈન્ચાર્જશ્રી, રાજકોટ શહેર (૧૦ નકલ) વર્તમાનપત્રોને આપવા સારૂ.
(૧૬) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા.સોલારોડ અમદાવાદ.
(૧૭) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
(૧૮) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, રાજકોટ.
(૧૯) રજીસ્ટ્રારશ્રી, એડીશ્નલ સેશન્સ જજ કોર્ટ, રાજકોટ.
(૨૦) એકઝીકયુટીવ મેજી.શ્રી, રાજકોટ શહેર.
(૨૧) એકઝીકયુટીવ મેજી.શ્રી, રાજકોટ તાલુકા.
(૨૨) સયુંકત માહીતી નિયામકશ્રી, રાજકોટ.
(સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા અને વર્તમાનપત્રોની કાપલીઓ મોકલવા સારૂ)